**<u>ધોળકા રૂરલ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૨૦૬૪૨૬૦૦૫૫/૨૦૨૬ ના કામે કબજે થયેલ અરજદારની મુદ્દામાલ પરત મેળવવા માટેની અરજી લગત હુકમ</u>**

(૧) અરજદારની હાલની અરજી વંચાણે લીધી તથા કેસ પેપર્સ, પંચનામું, મુદ્દામાલ પાવતી, તેમજ મુદ્દામાલનાં માલીકી બાબતનાં દસ્તાવેજ વંચાણે લીધા.

(૨) આ કામે અરજદાર શ્રી અજયભાઈ ગોરધનભાઈ ઠાકોર નાઓએ ધોળકા રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૨૦૬૪૨૬૦૦૫૫/૨૦૨૬, પ્રોહી.એકટની કલમ- ૬૫(એ)(એ), ૮૧ ૧૧૬(બી) મુજબના ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ માલિકીની MARUTI SUZUKI INDIA LTD કંપનીની ALTO LXI BSIV મોડલની કાર કે જેનો આર.ટી.ઓ. રજી. નં.GJ-07-AR-7303, જેનો ચેચીસ નં.MA3EAA61S02093847, જેનો એન્જીન નં.F8DN4875213 છે, જે પરત મેળવવા માટે હાલની અરજી કરેલ છે. જે અરજી રજુ થતાં આ કામે મુદ્દામાલ અરજી લગત ધોળકા રૂરલ પોલીસ સ્ટેશન ખાતેથી પોલીસ અભિપ્રાય મંગાવવામાં આવેલ, જે પોલીસ અભિપ્રાય રજુ કરેલ છે. જે વંચાણે લેતાં પોલીસે મુદ્દામાલ અરજદારને પરત નહીં સોંપવાનો અભિપ્રાય આપેલ છે.

(૩) આ કામે અરજદારના વિ.વ.શ્રી તથા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને વિગતવાર સાંભળ્યા અરજદાર તરફે એવી રજુઆત કરેલ છે કે, આ કામે અટક કરાયેલ મુદ્દામાલ ગાડી તેમના રોજબરોજના કામે ઉપયોગ વપરાશનું સાધન તથા મશીનરી વસ્તુ છે. તેમજ સદર ગાડી કોઈ ગુનાહિત સાધન નથી તથા સદર કામની પોલીસ તપાસ હાલ પુરી થઈ ગયેલ છે. તેમજ વાહનને લાંબા સમય સુધી પોલીસ સ્ટેશને પડી રહે તો, ગાડીની મશીનરી તથા ટ્યુબ ટાયરને ભારે નુકશાન થાય તેમ છે, તેમ થાય તો તેઓને આર્થિક નુકશાન થાય તેમ હોય, તેમજ નામદાર કોર્ટ જે કોઈ શરતો ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની બાહેંધરી આપે છે. જે ધ્યાને લેતાં મુદ્દામાલ વાહન મુકત કરવા હુકમ કરવા અરજ કરેલ છે. સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી દલીલ કરતા જણાવે છે કે, આ કામે કબજે કરાયેલ મુદ્દામાલ વાહન તે પ્રતિબંધીત પરપ્રાંતિય દારૂની હેરફેરમાં વપરાયેલ છે અને પ્રોહીબીશન એકટની કલમ-૯૮(૨) તથા Gujarat Prohibition (Liquor Samples & Determination of quantity seized liquor) Rules 2012 ની કલમ ૯ મુજબ આ વાહનની વચગાળાની કસ્ટડી અરજદારને સોંપી શકાય નહી. સરકાર તરફે પોતાની દલીલના સમર્થનમાં પરેશકુમાર જયકારભાઈ બ્રહમભટ્ટ વિરૂધ્ધ ગુજરાત રાજયના સ્પે.ક્રિમીનલ એપ્લી.(પઝેશન ઓફ મુદ્દામાલ) નં.૮૫૨૧/૨૦૧૭ ઉપર આધાર રાખવામાં આવેલ છે.

(૪) આ ગુનાના કામે કરવામાં આવેલ એફ.આઈ.આર.વંચાણે લેવામાં આવે તો, આ કામના ત્હોમતદારે કોઈ નશાકારક કેફી પ્રવાહી પીધેલી હાલતમાં પોતાના કબજા ભોગવટામાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટની વિદેશીદારૂની બોટલ નંગ-૧૨ કુલ કિ.રૂા.૧ ૫,૬૦૦/- નો જથ્થો રાખી હેરાફેરી કરતાં પકડાઈ ગયેલાનો આક્ષેપ છે. આમ, સદર વાહનમાંથી વિદેશીદારૂ રાખી પકડાઈ ગયેલ હોય આ વાહન કબજે કરવામાં આવેલ છે. ત્યારે કાયદાની જોગવાઈઓ વંચાણે લેવામાં આવે તે જરૂરી છે.

**Section-98 : Things liable to confiscation :**

(1)....

(2)Any receptacle, package or covering in which any of the article liable to confiscation under sub-section (1) is found and the other contents of such receptacle, package or covering and the animals, carts, vessels or other conveyance used in carrying any such article shall likewise be liable to confiscation by the order of the court, but it shall not be released on bond or surety till the final judgment of the court where the quantity of the seized liquor is exceeding the quantity as may be prescribed by the rules.

**Rule 9 of Gujarat Prohibition (Liquor Samples & Determination of quantity seized liquor)Rules 2012** : Where the quantity of liquor seized is more than 10 litre in respect of any offence punishable under the act, the vehicle or conveyance carrying such liquor shall be liable to confiscated in accordance with the provision of sub section 2 of 98 of the Act.

(૫) કાયદાની ઉપરોકત જોગવાઈઓ વંચાણે લેવામાં આવે તો, આ કાયદાની કલમ ૯૮ ની પેટા કલમ ૨ વંચાણે લેવામાં આવે તો સદરહુ કલમમાં ગુજરાત સરકારે કરેલ સુધારા મુજબ, જપ્ત થયેલ દારૂનો જથ્થો નીયમોથી ઠરાવવામાં આવે તેનાથી વધુ હોય ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી તેને બોન્ડ અથવા જામીન પર મુકત કરી શકાશે નહી. ઉપરોકત નીયમ-૯ માં કરેલ જોગવાઈઓ મુજબ, જયારે આ કાયદાની કોઈ કલમ નીચે સજાને પાત્ર ગુનાની કલમ માટે પકડાયેલ મુદ્દામાલનુ પ્રમાણ ૨૦ લીટર કરતા વધુ હોય તો આવા મુદ્દામાલના વાહન માટે ઉપયોગમાં લેવાયેલ મુદ્દામાલ આ કાયદાની કલમ ૯૮(૨) મુજબ જપ્ત થવાને પાત્ર છે. પ્રસ્તુત કેસમાં ત.ક.અમલદાર તરફથી રજુ થયેલ રીપોર્ટ તથા મુદ્દામાલ પાવતી તથા પંચનામું વંચાણે લેતા આરોપી પાસેથી પકડાયેલ વીદેશી દારુનો જથ્થો ધ્યાને લેવામાં આવે તો, સવાલ વાળા વાહનમાં ૭૫૦ એમ.એલની બોટલ નંગ-૧૨ પકડાયેલ છે. સરકાર તરફે આધાર રખાયેલ, નામ.વડી અદાલતના પરેશકુમાર જયકારભાઈ બ્રહમભટ્ટ વિરૂઘ્ધ ગુજરાત રાજયના સ્પે.ક્રિમીનલ એપ્લી. (પઝેશન ઓફ મુદ્દામાલ) નં.૮૫૨૧/૨૦૧૭ ના ચુકાદામાંના.વડી અદાલતે ઠરાવેલ છે કે, "..section 98(2) of the act, curtails the power of Magistrate to order interim release of the seized vehicle under Section 451 or 457 of the Cr.P.C. as the case may be. The Courts below will have no jurisdiction to order interim release pending the trial of the seizedvehicle in connection with the offence under the Act, 1949, if the quantity of the liquor recovered exceeds "xxx" litres in quantity."

(૬) પ્રસ્તુત કેસમાં તપાસ કરનાર અમલદારે રજુ કરેલ અભિપ્રાય રીપોર્ટ, મુદ્દામાલ પાવતી તથા પંચનામુ વંચાણે લેતા, ત.ક.અમલદાર તરફથી કબજે લેવાયેલ વાહનમા આરોપીએ ૨૦ લીટર કરતાં ઓછું પરપ્રાંતીય દારૂનું પરીવહન કરવાનો આક્ષેપ છે. કાયદાની ઉપરોકત

જોગવાઈઓ તથા નિયમો વંચાણે લેતા ૨૦ લીટર કરતાં વધુ લીટરનુ પરીવહન કરતા પકડાયેલ વાહનને આ કાયદાની કલમ ૯૮(૨) અન્વયે છોડવા માટે મેજીસ્ટ્રેટને સત્તા નહી હોવાનું ઠરાવાયેલ છે. પ્રસ્તુત કેસમાં ૨૦ લીટર કરતા ઓછા દારૂનું પરીવહન કરતા સદર વાહન પકડાયેલ છે, જે જથ્થો ધ્યાને લેતાં ૨૦ લીટર કરતા ઓછો જણાઈ આવે છે. જેથી અત્રેની કોર્ટને વચગાળાની કસ્ટડીમાં મુદ્દામાલ વાહન પરત આપવા સત્તા રહેલી છે તેવું અત્રેની કોર્ટનું માનવું છે.

(૭) સદર કામે પક્ષકારોનાં વિ.વ.શ્રીઓની રજુઆત સાંભળી. અરજદાર તરફે સદર મુદ્દામાલની માલીકી અંગે તેઓએ નિ.૩/૧ થી વાહનની આર.સી.બુકની નકલ, નિ.૩/૨ થી અરજદારના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ,નિ.૩/૩ થી એફ.આઈ.આર.ની નકલ રજુ કરેલ છે. જેમાં માલીક તરીકે અરજદારનું નામ જણાવેલ છે. જેથી સદરહુ વાહનની માલીકી અરજદારની હોવાનું સ્પષ્ટ થાય છે. આમ, સદર કામે તમામ હકીકત ધ્યાને લેતાં મુદ્દામાલવાળું વાહન અરજદારની માલીકીનું હોવાનું પ્રથમદર્શનીય પુરવાર થાય છે. તેમજ અરજદાર તરફે ના. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા પણ ખુશી હોવાનું જણાવેલ છે. જેથી આ કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ અરજદારને પરત સોંપવામાં આવે તો કોઈ હરકત સરખું જણાતું નથી. જેથી સદર કામે ના. સુપ્રિમકોર્ટ ધ્વારા ૨૦૦૩ (૧) જીએલએચ પેજ-૩૦૭ સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ.સ્ટેટ ઓફ ગુજરાતનાં કેસમાં આપેલ માર્ગદર્શક સિધ્ધાંતને ધ્યાને લેતાં મુદ્દામાલવાળા વાહનનો કબજો અરજદારને યોગ્ય રકમનાં બોન્ડ પર શરતોને આધીન વચગાળાની કસ્ટડીમાં પરત સોંપવો ન્યાયોચીત જણાતું હોય.તમામ હકીકતો ધ્યાને લઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આ કામનાં અરજદાર: અજયભાઈ ગોરધનભાઈ ઠાકોર રહે.મુખીફળીયું, તા.ધોળકા,જી.અમદાવાદનાઓને ધોળકા રૂરલ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૨૦૬૪૨૬૦૦૫૫ /૨૦૨૬, પ્રોહી.એકટની કલમ-૬૫(એ)(એ), ૮૧, ૧૧૬(બી) મુજબનાં ગુનાનાં કામે પોલીસે કબજે લીધેલ મુદ્દામાલ વાહન MARUTI SUZUKI INDIA LTD કંપનીની ALTO LXI BSIV મોડલની કાર કે જેનો આર.ટી.ઓ. રજી.નં.GJ-07-AR-7303, જેનો ચેચીસ નં.MA3EAA61S02093847, જેનો એન્જીન નં.F8DN4875213 નો છે, તેનો કબજો મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબની કુલ રકમની દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કર્યેથી વચગાળાની કસ્ટડીમાં નીચેની શરતોને આધીન સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**-: શરતો :-**

(૧) અરજદારે મુદ્દામાલવાળા વાહનનો કોઈ ગુનાહિત કામમાં ઉપયોગ કરવો નહી.

(૨) અરજદારે મુદ્દામાલવાળા વાહનનો કબજો આ કેસનો આખરી નિકાલ થતાં સુધી કોઈપણવ્યકિતને કે સંસ્થાને વેચાણ, ગીરો, બક્ષિસ કે કોઈપણ રીતે તબદીલ કરવો

નહિ, તેમજ તેના રંગ, કદ, રૂપમાં કોઈ ફેરફાર ન કરતાં યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાની રહેશે.

(૩) અરજદારે સદરહુ મદ્દામાલવાળા વાહનનો પોલીસ/કોર્ટ તપાસનાં કામે જયારે અને જયાં ફરમાવે ત્યારે ત્યાં રજુ કરવાના રહેશે.

(૪) અરજદારે મુદ્દામાલ વાહનના બ્રાહ્ય તથા આંતરીક ભાગોના ચારે તરફના ફોટોગ્રાફ રજુ રાખવા.

(૫) તપાસ કરનાર અમલદારે સદરહુ મુદ્દામાલનાં બોન્ડનાં કાગળો ચાર્જશીટ સાથે રજુ કરવા.

હુકમ આજ તારીખ–૦૧ લી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૧/૦૪/૨૦૨૬
સ્થળ:ધોળકા

(બી.એમ.ગઢીયા)
એડી.ચીફ.જયુડી.મેજી.,ધોળકા
યુનીક કોડ નં.જી.જે.૦૧૧૭૬